National Literacy Trust
Change your story



0-9 મહિનાની ઉંમરના શિશુઓના કુટુંબો માટે આદર્શ.

# તેઓની વાતની શરૂઆત તમારાથી થાય છે

તમારા શિશુ સાથે વાત કરવી અને તેઓને સાંભળવાથી બિલકુલ પ્રારંભથી તેઓની વાતચીતની આવડતો વિકસાવવામાં મદદ મળે છે.

રોજિંદી નાની નાની ક્ષણોમાંથી મહત્તમ સાથે માણવા આ કાર્ડ્સ પરના સૂચનોનો ઉપયોગ કરો.

આમાં ભાગીદાર છે

Better Health Start for Life



# કપડાં પહેરવા

તમે તમારા શિશુને કપડાં પહેરાવો ત્યારે, થઈ રહેલી બાબતોનું વર્ણન કરવાથી તેઓને શબ્દો ઓળખવામાં મદદ મળે છે.

# કપડાં પહેરતી વખતે ગપસપ કરવાના સૂચનો

**તમે કરી રહ્યાં હો તે વિશે વાત કરો.**

"ચાલો પહેલા તમને નેપી પહેરાવીએ."

**તમે પહેરાવો છો તે કપડાં વિશે વાત કરો.**

"તમે આજે રુંવાટીદાર જમ્પર પહેરી રહ્યાં છો."

**સરખા શબ્દોનું દરરોજ પુનરાવર્તન કરો.**

"તમારા કોટમાં એક હાથ, તમારા કોટમાં બંને હાથ."





# ભોજન સમયે

તમે તમારા શિશુને જમાડતા હો ત્યારે, ગપસપ કરવાથી કે ગીત ગાવાથી શિશુને શબ્દોનો અર્થ સમજવાનું શરૂ કરવામાં મદદ મળશે.

# ભોજન સમયે ગપસપ કરવા માટેના સૂચનો

**જે થઈ રહ્યું હોય તેનું વર્ણન કરો.**
“તમે હવે તમારું દૂધ પી રહ્યાં છો.”

**એક મધુર નર્સરીની કવિતા કે ગીત ગાવ.**
તમે કે તમારા શિશુને ગમતું ગીત ગાવ, અથવા એક ગીત બનાવો!

**આગળ શું થશે તે વિશે વાત કરો.**
“તમારું દૂધ પીવાઈ જાય પછી, આપણે ચાલવા જઇશું.”





# ઘરે

તમે ઘરની આસપાસ જે કરી રહ્યાં હો તે વિશે તમારા શિશુ સાથે ગપસપ કરવાથી, શિશુ તમે ઉપયોગમાં લીધેલા શબ્દોથી પરિચિત થશે.

# ઘરે ગપસપ કરવા માટેના સૂચનો

**તમે કરી રહ્યાં હો તેનું વર્ણન કરો.**

"ડેડી ટેબલ સાફ કરી રહ્યાં છે."

**તેઓ શું કરી રહ્યાં છે તે વિશે વાત કરો અને તેઓના અવાજોનો પ્રતિભાવ આપો.**

"હું તમને હસતા જોઉ છું, દા-દા-દા."

**પરિચિત ઘોંઘાટો અને અવાજો વિશે વાત કરો.**

"શું તમે વોશિંગ મશીનનો અવાજ સાંભળી શકો છો? સ્વિશ સ્વિશ!"





# બહાર કામ માટે જવું

તમે બહાર કોઇ કામ માટે ગયા હો ત્યારે, તમારા ધ્યાનમાં આવતી બાબતો વિશે વાત કરવાથી તમારા શિશુને નવા શબ્દો શીખવામાં મદદ મળશે.

# બહાર કોઇ કામ માટે ગયા હો ત્યારે ગપસપ કરવા માટેના સૂચનો

**તમારા જોવામાં આવે તે વિશે વાત કરો.**


“કાળી બિલાડી જુઓ! તે ત્યાં નીચે છુપાયેલી છે.”

**તેઓના ધ્યાનમાં આવતી બાબતો વિશે વાત કરો.**

“તમે ફૂલો જોઈ રહ્યાં છો. ચાલો નજીકથી જોઇએ.”

**વાતચીત શરૂ કરવા તમારી ઇન્દ્રિયોનો ઉપયોગ કરો.**

“શું તમે કારનો અવાજ સાંભળી શકો છો? બ્રમ, બ્રમ.”





# સ્નાન સમય

તમે તમારા શિશુને સ્નાન કરાવો ત્યારે, શિશુ દ્વારા કઢાતા અવાજોની નકલ કરવાથી શિશુ વાતચીત કરવા પ્રોત્સાહિત થાય છે.

# સ્નાન સમયે ગપસપ કરવા માટેના સૂચનો

**પાણીના અવાજોનું વર્ણન કરો.**

"શું તમે છાંટા ઉડાડો છો?
છાંટા ઉડ્યા!"

**તમે કરી રહ્યાં હો તે વિશે વાત કરો.**

"હું હવે તમારું પેટ ધોવાની છું."

**તમારા શિશુએ કાઢેલા અવાજોનો પ્રતિભાવ આપો અને તેનું પુનરાવર્તન કરો.**

બાળક: "એઈ ...બા, બા, બા."

પુખ્ત વ્યક્તિ: "બા, બા, બા, શું તમે મારી સાથે વાત કરી રહ્યાં છો?"



# સૂવાના સમયે

તમે ગપસપ કરતી વખતે, વાર્તાઓ કહો, અને સાથે મળીને ગાવ, તમે તમારા શિશુને નવા શબ્દો શીખવો છો.

# સૂતી વખતે ગપસપ કરવા માટેના સૂચનો

તેઓ પુસ્તકનો કયો ભાગ જુએ કે સ્પર્શે છે તે ધ્યાનમાં લો.

“હા, તે એક કાર છે.”

નર્સરીની કવિતા કે લોરી ગાવાનો પ્રયત્ન કરો.

“ટ્વિંકલ ટ્વિંકલ લિટલ સ્ટાર...”

દિવસ દરમિયાન શું શું થયું તે વિશે ગપસપ કરો.

“આપણે આજે ચાલતી વખતે ગોકળગાય જોઈ.”

## તમારા શિશુને વાતચીત કરવામાં મદદ માટે કેટલાક સૂચનો અહીં જણાવ્યા છે:

- તમારા શિશુની બડબડાટો, ઘોંઘાટો, ચહેરાના હાવભાવો અને તેઓએ કરેલી હલનચલનનો પ્રતિભાવ આપીને શિશુ સાથે ‘વાતચીત’ કરો. થોભવાનું યાદ રાખીને તમે બોલવાનું બંધ કર્યું હોય ત્યારે તેઓને પ્રતિભાવ આપવા સમય આપો.
- તેઓ શેની પર આંગળી ચિંધે કે જુએ છે તે જોવાનો, અને તે વસ્તુઓ વિશે વાત કરવાનો પ્રયત્ન કરો.
- આખા દિવસ દરમિયાન વાત કરવાની, ગાવાની અને રમવાની નિયમિત તકો શોધી કાઢો.
- **તમે નાની નાની ક્ષણોમાંથી મહત્તમ સાથે માણો છો ત્યારે, તમે બહુ પ્રારંભથી તેઓની વાતચીત આવડતો વિકસાવવા પ્રયત્ન કરો છો.**

આ હિન્ડાઇ એક રમકડું નથી.

/nationalliteracytrust @Literacy_Trust @Literacy_Trust

**વધુ પ્રવૃત્તિઓ માટે, કૃપા કરી વેબસાઇટ જુઓ,** wordsforlife.org.uk

The National Literacy Trust (નેશનલ લિટરસી ટ્રસ્ટ) એક નોંધાયેલી ચેરિટી છે જેનો નંબર છે, 1116260 (ઇંગ્લેન્ડ અને વેલ્સમાં) અને SC042944 (સ્કોટલેન્ડમાં).